## ભાવનગરના મહે. એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં.

---

**C.C.NO.9952/2023**

**આંક :–**

**ફરીયાદી** :– શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી** :– અજયભાઈ ભરતભાઈ મકવાણા

**–: જજમેન્ટ :–**

આ કામે ફરિયાદ પક્ષે આરોપી ઉપર પ્રોહિબીશન એકટની કલમઃ–૬૬–૧–બી મુજબનાં ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનામાં આરોપી ને સમન્સ કરતા તે સમન્સ આરોપીને ધોરણસર બજી જતા તેઓ નામદાર કોર્ટમાં હાજર થયેલા અને તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ –૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી અને પ્લી રેકર્ડ કરવામાં આવેલ.ત્યારબાદ આરોપી એ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરવા માંગીએ છીએ તે જણાવી અલગ થી લેખીત માં ગુના કબુલાત પુરશીશ આપતા જે કામ માં દાખલ કરેલી છે. તે રીતે આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુના નો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે તેઓ નો હાલ નો પ્રથમ ગુનો છે. તેમની આર્થીક પરિસ્થિતી ખુબજ નબળી છે.હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહી દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે આરોપી તેમની સામે ના આક્ષેપો નો સ્વીકાર કરતા હોય તેઓને ગુના ની ગંભીરતા તથા સજા ની જોગવાઈઓ વીશે સમજ કરવામા આવેલ છે. અને આ ગુના ની કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસિરવાન ઠરાવ્યા સિવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી આ કામના આરોપી ની રજુઆત તેમજ આર્થીક, સામાજીક ,કૌટુંબિક પરિસ્થિતિ નજર સમક્ષ રાખતા આરોપી ને હળવી રકમ નો દંડ કરવામાં આવે તો ન્યાય નો હેતુ સરે તેમ છે. તે રીતે નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં ચુકાદા STATE OF GUJARAT V/S.NATWAR HARCHANDJI THAKOR 2005(1)G.L.R.709 માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતા કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલું છે.જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૬–૧–બી ના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૦(દસ) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

હુકમ આજરોજ તા.૯ મી સપ્ટેમ્બર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી લોકઅદાલતમાં ફેસલ કરવામાં આવે છે.

તા.૦૯/૦૯/૨૦૨૩
સ્થળ–ભાવનગર.

**(હર્ષ્યા મેહુલ દોશી)**
એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભાવનગર.(જજ કોડ નં.જીજે.૦૧૬૬૧)

JKA